ૐ

સજન-શુંદરી.

સંસારિક દર્શન.

નાટકના ગાયનો.

શ્રી શિનોર નાટક કંપનીને માટે.

રચીને પ્રસિદ્ધ કરનાર,

મુલજીભાઇ રેવાશંકર પુરોહિત.

શ્રી સિનોર નાટક કંપનીના માલીક.

આવૃત્તિ પહેલી   પ્રત ૧૦૦૦

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૬૧   સને ૧૯૦૫

કીંમત રૂ. ૦-૨-૦

ૐ

સજન-શુંદરી.

સંસારિક દર્શન.

નાટકના ગાયનો.

શ્રી શિનોર નાટક કંપનીને માટે.

રચીને પ્રસિદ્ધ કરનાર,

મુલજીભાઇ રેવાશંકર પુરોહિત.

શ્રી સિનોર નાટક કંપનીના માલીક.

આવૃત્તિ પહેલી   પ્રત ૧૦૦૦

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૬૧   સને ૧૯૦૫

કીંમત રૂ. ૦-૨-૦

લી. મુ. રે. પુરોહિત
શ્રી. સિ ના. ક. ના માલીક.

શજંન શુંદરીના

નાટકનો ટુંકસાર,

અંક પેહેલો.

પ્રથમ આરભે સુત્રધારની પ્રભુ પ્રાર્થના તથા નટીની નાટય સં-બંધી વાતચીતથી વસ્તુ સુચન તથા બાળકીયો સાથે નર્મદાની સ્તુતિ કરવી. મહાકાળીના મંદીરમા સુદરી તથા સખીયો વીગેરેને દર્શને આ-વવુ, ત્યા સજજનસિંહનુ તથા વિજયસીહનું દર્શન માટે આવવું. ત્યા સજ્જનસિહે સુંદરીને દેખવુ થયુ પછીથી ત્યાથીજ પાછળથી અ-નગરેખા રાક્ષસે આવી સુંદરીને લઈ જવું. રતનનગરના વાણીયા નવલચંદ્રનું અને તેની સ્ત્રી સુભાગા સાથે વાતચીત કરી નવલચન્દ્ર-નુ વેપાર કરવા પરદેશ જવુ. રત્નનગરના રાજા પ્રતાપસિહનો દરબાર તેમા પ્રતાપસિંહની ઇશ્વર સ્તુતી દરબારીયોની આસીષ તથા કચની-યોનો નાચ સુદરીને રાક્ષસ લઇ ગયો એવુ દાસીને મોઢેથી સાભળ-વું પરંતુ પ્રતાપસીંહના મનમા કોઇ લુટારૂ તથા કામાંધનુ કાવતરૂ હશે એવો વહેમ આવવાથી ઉજજન નગરીના રાજા સજ્જનસીંહ ઉપર પત્ર લખવો, સજ્જનસિહને સુદરી રૂપી પ્રેમાલ મુર્તિનું ચી-તવન વિજયસિંહે સ્ત્રીના મોહમા ન ફસાવુ એવી સમજણ આપવી. રત્નનગરનો કાગળ વાચી તેનો પ્રતિ ઉત્તર લખવો પણ વાંચવાથી

સજ્જસીંહને ચીન્તા થવી ને વિજયસિંહે ધિરજ આપવી. સજ્જન-સિંહે સુંદરીને મેળવવા માટે સોગન ખાધા રત્નનગરમાં નવલચંદ ની સ્ત્રી સુભાગાના ઘરમાં ગુલાબસિંગ નામને ચોરને ખાતર પાડવા પેસવું ત્યા સુભાગા તથા ગુલાબસિંગની દુષ્ટ મનવાચ્છના પૂર્ણ થવી. પ્રતાપસિંહના દરબારમા વડીલ પુત્ર દુરમતસિંહને બોલાવવો ને ઉજ્જૈન નગરીપર ચડાઇ કરવા ફરમાન થવું. જંગલમા દુરમતસિંહ ગુણકાના મોહમા ઝુકવું ને મદ પીવાથી ગાડા થવું. સેનાપતીએ દુરમતસીહને શીખામણ આપવી. વિજયસિંહે આવી સજ્જનસિંહને દુરમતસીંહ લડાઇ કરવા આવેલો એવી ખબર આપવી. સજ્જન-સિંહની જીત ને દુરમતસીહના સિપાઇઓ મરી જવાથી નાસી જવુ વીગેરે

અંક બીજો.

સુશિલા તથા તેની સખીયો સાથે બગીચામાં ગરબો ગાવાથી સહેજ આરામ મલવો પરંતુ સુસિલાને પોતાના પતિનું લડાઇમા શુ થયુ હશે તેની ચિંતા થવી એટલામા દુરમતસિંહનું આવવુ, સુશિલાએ દુરમતસિંહનુ સુર્ય તેજોમય મૂખ નિસ્તેજ પડવાથી લ-ડાઇની હકીકત પુછવી. લડાઇમા અપયસ મળ્યાથી સુશિલાએ દુર-મતસીહને તિરસ્કાર આપવો. ગુલાબસિંગના સુભાગાને મળવાના વિ-ચાર એટલામા તેના ગોરનુ દક્ષણા લેવા માટે આવવું તેને દક્ષણા મળ્યાથી વિદાય થવુ. સુભાગાએ પોતાના મનમાં વિચાર કર્યો કે ગુલાબસિંગનો મારા ઉપર કેટલો પ્યાર છે તેથી ગુલાબસિંગને આવ-

ગા દેખી રીસાયાનો ડોળ બતાવવો. ગુલાબસિંગે હાવભાવથી સુભાગાને મનાવવું ને સામસામા દારૂ પીવો. ગુલાબસિંગ પાસે ખરચી થઇ રહેવાથી સુભાગા પાસે ધન માગવું સુભાગાએ મોતીનો હાર આપવો. હાર લઇ ગુલાબસિંગનું જવુ. દુરમતસિંહ તથા તેના દુરવ્યસની મીત્રોના ગુલાબ ગુણકાને ત્યાં જવાના વિચારો ગુણકાને ત્યા જઈ મધપાન કરવું તેથી પ્રતાપસિંહે દુરમતસિંહને વ્યભિચારી જાણી રત્નનગરમાંથી ચોવીસ કલાકમા સહકુટુંબ સાથે નીકળી જઇ ધારગામમા જવાનું ફરમાન થવુ આવો કોપ જોઈ માનસિંહે પિતાશ્રીને અનુગ્રહ કરવા વિનવવુ સુંદરીને શોધવા સંબંધી કચેરીમાં બીડુ મુકવું તે બીડું માનસિંહે ઝડપવું જોઈ પ્રતાપસિંહ મુર્છાગત થવુ, મુરછાગતથી સાવધ થઇ માનસિંહને જવા સબંધી ના કહેવું. પરંતુ શોધી લાવવાને તત્પર થયેલા માનસિંહે સુંદરી બહેનનો પતો મેળવવો. એ સંબંધી પણ લેવુ. નવલચન્દ્રનું પરદેશથી ધણું કમાઇને આવવું નવલચંદ્રને આવેલા જાણી સુભાગા તથા ગુલાબસિંગનો નવલચન્દ્રને ઝેરના લાડુ ખવડાવી મારવાના વિચાર તથા બે વાણીયાને ઉલ્લુ તથા બદર બનાવી કામાધનું ફારસ—સજ્જનસીંહે દેવીપાસે આશીશ માગવી દેવીએ પ્રસન્ન થઇ ખડગ આપી વરદાન આપવું. સુસિલા ત્થા દુરમતનું જંગલ મારગે ધાર ગામમા જવું. સુંદરીને અનંગરેખા રાક્ષસથી અઘોર જગ્યામા પડેલી વિપતિ વીગેરેનું વર્ણન.

અંક ત્રીજો.

માનસિંહનું પોતાની બહેન સુંદરીની શોધ માટે જંગલે જં-

મલ ભટકવું તથા ભૂખ-તરસ લાગવાથી માનસિહનું ઝાડ નીચે સુવું ત્યાથી અનંગરેખા રાક્ષસે માનસિહને બેભાન કરી ઊંચકી લઇ જવું એ જંગલમા ઘણા રાક્ષસોના ઘોર શબ્દો સાભળવાથી સજ્જનસીંહનું આશ્ચર્ય પામી ઇશ્વરની અકળ કૃતિનું વર્ણન કરવું. તેમ સુભાગા તથા ગુલાબસીગે નવલચદ્રને ઝેરના લાડુ ખવારાવા વીશેનો દગો, પરંતુ દગો કોઇનો સગો નથી એ કહેવત પ્રમાણે નવલચન્દ્રે ઝેરના લાડુ બદલી નાખી સારા લાડુ ખાઇ ગયો ને. મરી ગયા જેવા ઢોગ કર્યા તેથી સુભાગાએ તથા ગુલાબસીગે નવલચદ્રને મરી ગયો જાણી પોતે હર્ષ પામી આનંદ વિલાસથી ભોજન કરવા બેઠા તે ઝેરના લાડુ હતા તે ખાધા ને તેઓના પ્રાણ ગયા નવલચદ્રએ સસારમા કાઇ સુખ ન દેખવાથી યોગી થઇ જગલમા ચાલ્યા જવું સુદરીપર અનગરેખા રાક્ષસે કરેલો જુલમ તથા સુદરીના ભાઇ માનસીહને ઉપાડી લાવ્યો તે બતાવી તેને ધમકી આપી તેને શીરછેદ કરવા તૈયાર થયો. તવામા સજ્જનસીહે આવી અનગરેખા રાક્ષસને પતન પમાડયો. સુશિલાએ દુરમતસીહને સ્ત્રી ચરીત્ર કરી તેને દુરવ્યસનમાથી છોડવ્યો ત્યારબાદ માનસીહનુ દુરમતસીહને ત્યા આવવુ સજ્જનસીંહ તથા સુદરીનો હાસ્યરસ છેવટે માનસીહ તથા દુરમતસીહનુ રાજદરબારમા એટલે પોતાના પીતા પ્રતાપસીહના દરબારમા આવવુ ને સર્વે હકીકતનુ વર્ણન કરવુ એટલામા સજ્જનસીહ તથા સુદરીનુ રાજદરબારમા આવવું ને સર્વે સભાએ આનદ પામવુ. ખુશાલીમા કચનીઓનો નાચ.

સમાપ્ત.

પાત્રોના નામ તથા સંબંધ.

સજનસિંહ ....ઉજ્જન નગરીનો રાજા.

વિજયસિંહ...........સજનસિંહનો મિત્ર.

પ્રતાપસિંહ............રત્ન નગરનો રાજા.

દુરમતસિંહ....... ..પ્રતાપસિંહનો વડીલ પુત્ર.

માનસિંહ.............પ્રતાપસિંહનો નાનો પુત્ર.

નવલચન્દ્ર.............રત્નનગરનો વાણીયો.

ગુલાબસિંગ ....રત્નનગરનો ચોર.

અનંગરેખા........... એક દુષ્ટ રાક્ષસ.

એ શીવાય સુત્રધાર, પ્રધાન, સેનાપતિ, દરબારી, પ્રતિહાર, સીપાઇ, સૈન્ય, મીત્રો વીગેરે......

સ્ત્રી વર્ગ.

સુંદરી...............પ્રતાપસિંહની પુત્રી.

ગુલાબ . ... રત્નનગરની ગુણકા.

કેસર.................ગુલાબ ગુણકાની દાસી.

સુભાગા..............નવલચન્દ્રની સ્ત્રી.

સુશિલા...............દુરમતસિંહની સ્ત્રી.

એ સિવાય નટી, સખીયો, કંચનીયો, દેવી, દાસીયો, બાળકીયો, વીગેરે...

ૐ

સજન-સુંદરી.

સંસારીક દર્શન

નાટકનાં ગાયનો.

સુત્રધાર— ૧

ધન્ય તારી રચના વચનાતિગ તવકૃતિ અપાર, ધ્રુ૦,
ત્રિભુવન ચાલક તું છે આ વિશ્વનો, (૨)
જરી પ્રભો તુ જગદાધાર, સરણાગતના શરણુ સાર ॥૧॥
માતાપિતા તુ અવિકાર, વિનવુ કરૂણા પારાપાર ॥૨॥

નટી ૨

નાટકનો તમો ખોટો છંદ, કયારે છોડશો,
દૂષ્ટ છદ આ તમને વળગ્યુ, એને કયારે તોડશો. ૧
નાટક થયું જનમારાનું, મનને હવે વાળશો. ૨
કર જોડી હુ વિનવું તમને, હવે દાસીનું માનશો. ૩

નટી-બાળકીયો— ૩

નર્મદા સહાય કરો.
માતુ તુજ સર્વે ચરણ પડીએ............નર્મદા.

અલ્પ મતિથી, નાટય ભજવીએ; (૨)
તેના વિઘ્ન હરો...................... નર્મદા.
વિજય દેવી તુ, પાર ઊતારે, (૨)
આનદ ઊર ધરો................. .....નર્મદા.
આપ ગતિ અતિ, તું સુખકારી. (૨)
દુ ખ સહુ દે વિદારી, સુખ શાન્તિ સ્થાપ સારી,
ભકતો તણી અર્જ ધારી, તુજ આધારે આ વારી,
હા... . ...હા.........હા.. ......હા... નર્મદા.

મહાકાળીની આરતી— ૪

જય જય દેવી મહાકાળી, ચરણે તાગ આ—જ,
શરણે છીએ ભગવતી અમો, સફળ કરજો કા—જ.
આરતી કરીયે, ગુણ તારા ગઇયે, પ્રેમે પુજીયે, ભવભય હરીયે,
ભસ્મા સુરને, મરદન કરીને, સતી બચાવી તે-
દુષ્ટ સહારી, દૈત્યને મારી, ભાર ઉતાર્યો તે-
જગના જન જે, નમતા રહે જે, સુખ સૌને દેજે, દુ.ખ
નિવારજે, જય.

સુંદરી-સખીયો— ૫

ચાલો સખી ચાલો આજે, મહાકાળી જઈ—શું,
દરશન ક...રીને, સરણાગત થઇ—શુ ......ચાલો
અબીલ ગુલાલને પૂષ્પ માળથી, માને વધાવી પુંજન કરીયે...
આદિ શક્તિ આદિ માયા; ચરણ ધૂળની આ છે કાયા,
સઘળા મળી આપણે, અમરત પીઈ—શું......ચાલો-

સુંદરી— ૬

અહા કુંવર કેવા, શોભે છે સુદર;
અમરપતિ ઇન્દ્ર છે, તૂચ્છ ખરેખર—અહા
જોઇ એને હુ, દંગ થઈ છુ,
પીડે છે મુજને, મદનનો માર—અહા-

સુભાગા-નવલચંન્દ્ર— ૭

આવજો આવજો, વેલા તમો, શેઠજી વેપાર કરીને.

નવલચંન્દ્ર—હા, હા વાહ, વાહ

આવીશ વેલો ગામથી રે, પૈસા એકઠા બહુ કરીને,
અગડ બગડવાળી ગોટા, ખુનીમ બ ..ધાને-

સુભાગા--આવજો.

(એમ કે) એથી આપણે દામથીરે સુખ દુનીયામા લઇશુ,
લાવોના વિચાર કાંઇ મનમા, અમો સુખે રહીશુ--આવજો.

પ્રતાપસિંહ— ૮

શ્રીરામ ચંન્દ્ર તૂ કૃપાળ, ભજુ પ્રેમે હુ જપમાળ,
ભક્ત વત્છલ, દીનદયાળ, કાળના છો પણ કાળ--
સુવર્ણ ગુણ અનેક, શેપસાઇ શ્રીગોપાળ--રામ
શ્રા.

દરબારીયો— ૯

જય જય ભૂપાળ, પરમ કૃપાળ, દયાળ, આ........
કીર્તિ તારી, છે મારી, પ્રસારી, જગમા છે જયકારી.
દુ:ખ હારી, સુખકારી, જય

જથા દીલ ભારી, છો આનંદકારી, ગુણકારી;
શુરવીર નર છો, જગમા દાતાર છો, વિનતી તારી, આ......
છે સહાય ત્રિપુરારી.   જય

કંચનીયો—   १०

બિરાજો તમ્તે પ્રતાપસિંહ મહારાજ,
આપછો ગરીબ નિવાજ .   બિરાજો
કીર્તિ પ્રસારી, જગમાહી સારી રે
અચળ રહો તમ તાજ   બિરાજો
અનીતિ આચરણ, કો નવ ચાલે રે,
ધરમ નીતિ નૃપરાજ ... .   બિરાજો
દુષ્ટોને યોગ્ય, દંડ મળે છે રે,
ધન્ય ધન્ય અધિરાજ ......   બિરાજો
ઇશ્વર કૃપાથી હમારી આશીષ રે,
અમર તપો તમ રાજ........   બિરાજો

११

તના દેરે દેરેનાં, તદાની.તોમ દેરેના,
નાદીર દીર દીગ તુદીર દેરે, તના દેરે દેરેના.
ધાકીટ તક ધુમકીટ તકધા, કીટતક ગધીધન ધા. આ,
ધાધાકીટતક ધા (૩) તના દેરે દેરે ના.

સજનસીંહ-વિજયસિંહ— १२

મારા, તનમા, મનમા, વસી છે, ઠસી છે, પ્રાણ પ્રીયા સુંદરી;
વળી ન જોઇ તેને મે નિહાળી, પણ મારી મદન કટારી...મારા

ફરવુ હરવું હાર્યો છુ હાય, દીલ મારૂં કચવાય:
ચ ચળ ચપળા ચિત્ત ચોરનારી-
મળશે તુને એ પ્યારી. (મિત્ર) (૨)......મારા-

સજ્જનસિંહ— ૧૩

પ્રીયા સુન્દરીનું સુંય થાસે (૨) સુન્ય જગ આ મુને ભાસે (૨)પ્રીયા-
શી રીતે ત્યા જવાશે, છોડાવી કેમ લવાશે,
માર્ગ મુજને કોણુ કહેશે (૨) પ્રીયા—
કયા એને લઇ ગયો કવણુ દુષ્ટ તાણી,...... .....
દુસ્મન કયારે મળશે પ્રભુ સાગપાણી.
અધકાર સઘળે મુને ભાસે જીવણુ આ જૂદુ કેમ થાશે,
રાણી વિના જીવ ત્રાસે (૨) પ્રીયા—

સજ્જનસિંહ— ૧૪

કઠ ચરચર ચીરીને મારીશ, ખાત્રીથી તે અસુરને,
કાપી છેદી છૂદી નાખીશ, હોચાડું પાર પાપીને, કઠ.
સ્વર્ગ મૃત્યુ પાતાળમા રહેવા ન દઇશ નીચને-
જો હુ સુદરી છોડાવુ નહીં તો, સહસ્ર હત્યા લાગે મુજને-કઠ

ગુલાબસીંગ— ૧૫

રહું છું આ શહેરમાં, ફરૂં છું આનદમા,
ચોરીનો ધંધો એ મારો, જાહેર છે જગમાં—રહુ છું.
લુટી કુટી ધન હરિ સઉ, પેસુ ઘરમા;
જો સુખેથી નહીં આપે તો, ઠાર કરૂં પળમા—(૨) રહું છું.

સુભાગા—ગુલાબસિંગ— ૧૬

કરીયે મોજ પ્યારા, મન મારૂ હરનાર,

ગુલાબ—વાહ, વાહા ૮૬

આવીસ રોજ રાત્રે, મારીસ મોજ અત્રે,—

સુભાગા (ખરૂં કે)

ગુલાબ—(એમા કાઇ ભૂલ કે)

સુભાગા (પ્યારા) સુંદરી હાજર છે હજારવાર

ગુલાબ—(ત્યારે) નિત્ય આવીશ હુ તમારે દવાર

સુભાગા—રંગ જમાવુ.

ગુલાબ—સગ સોભાવું

સુભાગા—વચનજ ઇચ્છું

ગુલાબ—લીયો સર્વદા... ....કરીયે.

દુરમતસસિંહ— ૧૭.

રૂધિર કુમ કુમ થકી, કરીસ રંગીન ભૂમિ.

શત્રુના સૈન્યમા ખુબ ધુમિ......રૂધિર

દુષ્ટને મારીને, ક્ષત્રિ બળ દાખવુ,

રણુ મધ્યે દુદભી નાદ રૂમિ .....રૂધિર

પરાજય કરીને, બાધી લાવુ એહને,

સૈન્યને મારૂ હુ બહુ ઝૂમિ .....રૂધિર—

ગુલાબ ગુણકા— ૧૮

મે ઠાડી રહું સૈયા ચલૂગી તોરે સાથ;
ચલૂગી તોરે સાથ, ચલૂગી તોરે સાથ—મેં
બાજી તોરે બીચુમે, બાજી તોરે બીચુમે
બાજી તોરે બીચુમે, પવનકી દોરી સાથ--મેં

ગુલાબ ગુણકા ૧૯

મૈં કપ્તીહુ પીવે. બહાદ્બહાર મેરે યાર; મૈ
સરાબકી લહજત બડી હય. પીને દીખાવે બબાર મેરે યારમૈં
દોચાર ગીલાસ મે મજા દીખાવે, ગવારકુ કરે હુસીયાર.મેરેયારમૈં.

સજજનસીંહ-વિજયસીંહ— ૨૦

સુરવીરો, રણધીરો, બળવીરો, લઈતીરો;
શત્રુને સહારો, કર લઇ તલવાર. શુરવીરો.
પાપીને પહોચાડો પાર પાર,
દુશ્મનને કરો ઠાર ઠાર શુરવીરો.

સૈન્ય – ૨૧

જય જય સજયસિહ મહારાજ
શત્રુને સહારી, દુખ સૌ વિદારી;
ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, વિજય રહો તારૂં રાજ,

સજજનસિંહ--નમન કરૂં છુ મહા કાળી આજ. ટેક

અંક બીજો.

સુશિલા તથા સખીયો--૨૨

ગરબો.

જોને સખી કેવી શોભા છે આ વાર, હરીયાળી દીસે છે લીલા રંગમાં,
મનહર સુખકર નાચે મયુર, ગાય છે કોકીલા ઊમગમા   જોને.

સાખી.

કીર શોભતા બોલતા, શોભે છે આમ્ર વૃક્ષ,
ચપા ચમેલી ગુલાબપર, ચોટયુ મારૂ લક્ષ.
સખી શરદપુનમની રાત જો રળીઆમણીરે;
ગાઇએ ગોવીંદના ગુણગાન, મનથી ગણી ગણીરે;
છોગાળા છેલ છત્રપતિ મહારાજ,
પ્યારારે પ્રભુ બાંધી છે પ્રેમની પાજ;   સખી.

સાખી.

રંગીલા રેલ રંગે રમો, રસીલી સાથે આજ;
કામથી ઘેલા બન્યા બહુ, (માટે) રાખો હમારી લાજ,
સખી અનંગ મુજને દાઝે, દુષ્ટ વળી સતાવે આજે;
રમવા વસંત મનમા છાજે, ની ભ્રમર કેવો બાજે.

સાખી.

ખીલી રહી પુર ચાદની, બહાલા રમો વિલાસ;

ઉડગણુ અતિ દેખાય છે, પામું હું ઉલ્લાસ. જોને.

દુરમતસિંહ-સુશિલા— ૨૩

જાઓ, નહિં આવો, નહિ આવો, અહીયાં,

દુરમતસિંહ—માફ માફ મૂજને કર તુ પ્યારી,

સુસિલા— દુર દુર અવિચારી પાપી ભારી,

દુરમતસિંહ—પ્રિયા પ્રિયા ગઈ તારી, સુબુદ્ધિ સઘળી,

સુસિલા— બસ જાવ......જાઓ—

દુરમતસિંહ—વાહ વાહ પ્યારી તુને, ઘટે ન આવી રીત,
લડયો બહુ સગ્રામમા, (પણ) થઈ નહી મુજ જીત.
(માફ)

ગુલાબસિંગ— ૨૪

બસ બસ પુરી થઈ હામ,
મટી ગયુ છે દુખ તમામ, આ...... ..બસ
જલ્દી જઇ પ્રીયાને મળુ,
ઉમગ મારો ઉરે ધરૂં,
કામ જીવાળ શાન્તિ કરૂ,
મોજ મઝારે માણી ફરૂ આ.........
જન્મ સફળ થઈ કાઢુ નામ આ......બસ
જગમા જન્મી જેહને, જાર રમ્યો નહી નાર,
ભોગવી નથી ભામની, ધિક ધિક અવતાર
જાવુ જાવુ સલુણીને ધામ આ........બસ

ગુલાબસિંગ-સુભાગા— ૨૫

બોલો બોલો પ્યારી જાન, જરા બોલી તો બતાવ;
સુભાગા—અરે જાવ છેલ જાવ, મને વધુ ના સતાવ, ટેક.
ગુલાબ— મારૂં કહ્યું વ્હાલી માન,
સુભાગા—ના ના, ના ના, ના ના,
ગુલાબ— કહો તો અરપુ હું જાન,
સુભાગા—ના ના, ના ના, ના ના,
ગુલાબ— મો માગ્યુ આપુ હુ માન,
સુભાગા—ત્યારે હા. હા. હા. હા. બોલે'.

ગુલાબસિંગ-સુભાગા— ૨૬

મીઠો મીઠો મીઠો દારૂ પીજીએ, પીજીએ પ્યારી પીજીએ. મીઠો૦
સુભાગા—પ્યારા પ્રીતી પ્યાલી આજે લીજીએ, લીજીએ પ્યારા લીજીએ ટેક
ગુલાબ--સાચો હીરો જાણી પ્યારી સગ કીજીએ, કીજીએ પ્યારી કીજીએ.
સુભાગા--પીયો પીયો મારા લાલ લટકાળા,
લીયો લીયો આજ છેલ છોગાળા,
ગુલાબ— મીઠો. મીઠો
સુભાગા— (પ્રિતમ આ પ્રેમની પ્યાલી પીયો,)
ગુલાબ— (નાના પ્યારી પહેલી હમારી લીયો.) મીઠો મીઠો૦

સુભાગા-ગુલાબસિંગ— ૨૭

લ્યોને પ્રાણુ પ્યારા આ હાર હા હા.

ગુલાબ—લાવો પ્યારી મોતીનો હાર. વાહવા.

સુભાગા-ચિત્તમા લગાડી સારી મુર્તી છબીલા માર. ટેક.

ગુલાબ—વ્યાકુળ કીધો તેં પ્રથમ એ નારી, નાખી મોહનના બાણ.

સુભાગા-પ્રેમે જાણ્યો સૌ પાતલીયા પ્યારા, હવે નથી હુ અજાણ.

ગુલાબ—હમકેથી અતે નિહાળી રસિલી, પુરો કર્યો તાબેદાર,

પ્રાણું પ્યારી પુરો કર્યો તાબેદાર, ચિત્તમા

કેસર— ૨૮

પ્રેમનો પ્યાલો પીયો રાજકુમાર;

મદ મસ્ત બનો દીલદાર. પ્રેમનો

નિસ દીન આવો, રગ જમાવો, શોખીલા સરદાર,

સહેજ બિછાવુ, ગજરો પેરાવું, પ્રેમીલા દીલદાર

મદ ઘેલા, મન મેલા, રસ રેલા,

પ્રેમીપર થઈ છે આ ખુવાર. પ્રેમનો.

તમો તો રસિયા પ્રેમનારે, પ્રેમ તમારો હમેશ;

આવો પ્યારા હરનીશ અહીયા, જાયે દૂ:ખ કલેશ;

લચકેલા, રગછેલા, અલબેલા;

આલીંગન ઘોને જાચું પ્યાર. પ્રેમનો

ગુલાબ ગુચ્છકા— ૨૯

દીલદાર તોહે સારો, જોબનવા દીખાયો;
જોબનવા બતાયો, મન મેરો લુભાયો. દીલ૦
હાંરે મોરી લાગી, સજ્જનસે લગનવા,
કાલે કાલે નેનોપે, મન મેરો લુભાયો. દીલ૦
પ્યારસે ઉઠાવું, ખીજમદમેં તુમારી;
ગોરે ગોરે ચેહેરેને, મન મેરો લુભાયો. દીલ૦
તુમહો કનૈયા, મય તો હું રાધા,
બનસી સુનાયકે મન મેરો લુભાયો. દીલ૦

પ્રતાપસીંહ-દુરમતસિંહ-- ૩૦

જા દુર જારે તું અનિચારી પાપી ભારી,
નાદાન તું વ્યભિચારી, કીર્તિ તેં ખોઇ તારી;
ક્ષત્રિવટ નામુ ધારી, કુળને લજાવ્યુ મારી.
દુર થા નાદાન તુ, હવે હદ છોડી મારી, જા દુર.
દુરમત--પિતા આ કોપ ભારી,
પ્રતાપ—ચૂપ કર નઠારી તારી-
દુરમત—જસે ઇજ્જત મારી,
પ્રતાપ—જવા દે પાપી તારી-
દુર થા નાદાન તું, હવે હદ છોડી મારી. જા દુર

સુભાગા-નવલચંન્દ્ર 31

પ્રિતમ મુજ પ્રાણઆધાર,
જાવુ વારી છબિલી નાર,
રસિક મુજ હૃદયના હાર
બચુકડી આવે બહુ પ્યાર ટેક
વહેલા જઇને આવ્યા પ્યારા,
થાવુ ખુસી દીલમા મારા,-પ્રિતમ.
(હું હમણા જાઉં છુ માટે ગભરાઇશ નહી જો)
(વારૂ ? ત્યારે જાવ, વહેલા આવજો, વહેલા આવજો)
(પણ બચુકડી એક બકી તો કરાવો)
(જાઓ જાઓ જરા સરમાવો)

સુભાગા — 32

રે... તનમા મનમા રૂપ તમારૂં,
વસી રહ્યુ છે મુખડુ જ સારૂ
રસિયા રાણા રાજનુ, રળિયાત છે જે રૂપ,
વ્હાલા વદીને વર્ણવુ, વિવિધ વિલાસ અનુપ.
પધારો પ્યારા પ્રેમથી વધાવુ રે-
રસિલા રસકાત રસથી રસાવું રે-
પ્રેમીલા સુખ પ્રિતથી મનાવું રે-
કોકીલા કન્દપ કળથી ખસાવુ રે-રે......તનમા-

૩૩

સુભાગા-નવલચંન્દ્ર-કેશવલાલ-હરિલાલ—

નાચોજી નાચો નાચો

કેશવલાલ--આ... .. નાચીએ

સુભાગા--આવોજી ઉલ્લુ ઓરા.

હરિલાલ--લે આખો શું છુ તેરા,

નવલચંન્દ્ર--વાહ બંદર ઉલ્લુ વાહ વાહ વાહ

સુભાગા--નાચો બન્દર, થનનન, થનનન, થનનન, થન, થન, થન,

ઉલ્લુ લોટકર, ટનનન, ટનનન, ટનનન, ટન, ટન, ટન, નાચોજી

સજનસિંહ— ૩૪

કર ધારજો માત મારીરે, સ્તવન કરે દીલ ધારીરે-

માજી તુજ પ્રેમ ચહુ, દુઃખ કાપજો સહુ,

ભૂલ્યો નથી ભક્તિ હું તારી રે—સ્તવન—

અસુરને જઇ મારૂ, સુંદરી છોડાવા ધારૂ,

આપજો ખડગ માત મારીરે—સ્તવન—

સોધું હીમત ધરી શત્રુને ઠાર કરી,

પુજુ હું ચર્ણુ સુખકારીરે--સ્તવન—

દેવી— ૩૫

હીમત હીમત ધરરે, લે અસીઆ મૂજ નામની—

ભક્ત મારા જલ્દી જઇ, લાવ સત્વર તૂજ કામની—

વરદ હસ્ત તૂજપર, રાખીશ નહીં જરા ડરરે.

દૈત્ય હણુવા કાજે સહાય છું તૂંજ હાજરરે–

સુસિલા-દુરમતસિંહ— ૩૬

દસા કેવી થશે, દુઃખી અમો નરનારી,
દુ:ખ ક્યારે જશે, સહાય થજે શ્રી મોરારી-દસા—
પાપી જીવ કરે ભટકાગ, રખડે છે આ પ્રાણી બિચારા.
સાચો છે તું શ્રી હરિ પ્યારા, વિનવે કરગરી દીનદારા–
આવ્યું દુખ બહું ભારી-દસા—
તુંછે પ્રભુ જગનો ત્રાતા, ચિતા હરિદે અમને શાન્તા
નસિબ નબળું છે ઓ વિધાતા,
સૌનો સાચો છે અનદાતા,
પાવન કર અવનીતા–દસા–

સુંદરી— ૩૭

પ્રભુ સાર ન સુજે, મન બહુ ધુજે, પ્રાણુ કયારે મળશે,
દુષ્ટ અસુરના પાસે પડી છુ, દુ:ખ કયારે ટળશે. પ્રભુ.
રાજકુવર નામ જપું છુ, હરનીસ આડે જામ;
કયારે મળીને કથને, પામું હું આરામ
વિભુ અતરયામી. પુરણુ કામી, સહાય મુને કરજો,
નિશદીન તારી સેવા કરૂ છુ, વિનતી ઉર ધરજો- વિભુ.
માત પીતા મુજ કયારે દેખું, અધીરૂ મન બહુ થાય,
પાપી આવી સતાવશે, સહાય થજો જગરાય. પ્રભુ•

અનંગરેખા રાક્ષસ— ૩૮

તન્વાગી રૂડુ તુજ મૂખ, નિરખી મુઝાય છે ચન્દ્ર,
થાય છે ક્ષીણ તેહનો ટેક, લાજસેં તે વળી ઇન્દ્ર
પ્રીયા. તેવી. તુ છે. તન્વાંગી.
બ્રહ્માયે બનાવ્યુ રૂપ, શોભે જેવા ચંપા કળી,
મોહે છે ચિત્તવૃતિ ખેંચી, લાગે મુને બીજી વિજળી,
પ્રાણાધાર, કબુલ થાતું. તન્વાગી.

હરી— ૩૯

રે......રઢિયાળા રઘુવીર ધાજોરે, અબળા છે ફંદે ફસાણી,
સાવિત્રી ઊગારી, વાલીને તે મારી, રાજ્ય દીધુ, સુગ્રીવને તારી;
પંચાલીનો ટેક રાખ્યો તમે, પ્રભુ ભામીકા ગુણીકાને તારી,
આશિષ તુ આપ મુને, હુ હવે બહુ ગભરાણીરે. આ૰



અંક ત્રીજો.

માનસિંહ— ૪૦

હશે ક્યા પ્યારી બેન મારીરે હસે
જગલે જંગલ ભટકી હુ થાક્યો,
પત્તો નવ લાગ્યો મને કાંઇ,
શુદ્ધ બુદ્ધ ગયો છુ હારીરે હસે
ભૂખ તરસથી વ્યાકુળ બન્યોછુ,
વ્યોમ વ્યોમ વ્યાપી છે ગ્લાની,
સહાય કરો પ્રભુ આ વારીરે હસે.

સજનસિંહ— ૪૧

તારી અન્યથા છે કરેલી કૃતિ,
અમો માનવીની જરી ના ગતિ તારી૦
નિયતા અહોરાત્ર તારાપ્રતિ,
નમેશિર સાસ્ટાગ કરે વિનતિ તારી૦
શુ વિશ્વાસ છે તારો જગપતિ,
સદા રાખો સાધુ સુધારે મતિ તારી૦
કુમળ નયનીજ છે મમ રતિ
પ્રભુ મેળવો મુજને સાણી સતિ. તારી.

સુભાગા-ગુલાબસિંગ— ૪૨

મન માનતી મોજ પ્યારા આજે કરીયે,

ગ્લાસ આપુ પીયો તમો રગે રમીયે મન૦
ગુલાબ—પ્યારી લાવો પ્રેમથી પીવુ છુ અરે,
રંગ રમાડુજ તને સ્નેહથી ખરે. મન૦
આ પીડાને દુર કરી, પાર પહોચાડોરે,
લાડુ ખાધા પછી થશે, પાપી પુરોરે મન૦

સુભાગા-ગુબાબસિંગ— ૪૩

પ્રેમે પધારો પ્યારારે,
કરો રગની ધારારે પ્રેમે૦

જમાડુ જીવન, ઉત્તમ ભોજન,
નવ નવીન સારારે
તમતમતા ખારારે પ્રેમે૦

નયન નચાવી, મહો મલકાવી,
લીયો ફસાવી દારારે
સગ જમાવી ચારારે પ્રેમે૦

લુટીસ યોવન, લઉ આલીગન
કરૂં ચૂબન તારાંરે,
દઉ સોગન મારારે, પ્રેમે૦

નવલચન્દ્ર— ૪૪

જુઓ સસારમા નથી કોઈ સુખી માનવીમા
રાજા પણ દુખીયો જગ સૌ દુખમા જુઓ૦
મનોરથ મોટા મોટા (આ) અભાગીઓ બાધે મનમા

પાછળથી પસ્તાય છે, નિરાશ થાયે તનમાં. જુઓ૦
હરિનું ધાર્યું થશે, વિધી લેખ નહી ટળશે
રામનુ નામ લેતા, ભવસાગર તરશે જુઓ૦

૪૫

જગતમેં જીવના થોરા, મત ભૂલે દેખી તન ગોરા, ટેક૦
કરમકુ સમજકે કરના, શિરે નીજ ભારના ભરના,
નહી ત્યા સગા કોઇ અપના, અગ્નિકી ઝાલ મે તપના. જગતમેં
કાગદની કસલી જબલી, કઠીન હે બોલના તબહી.
લેખા જમરા જબ કરહી, કીયે કૃત ભોગના પરહી. જગતમે૦
સમજ બે મૂઢ મતી હીના, મનુષ્ય તનુ પાઇ કયા કીના,
ખજીના પાપકા કીના, ધરમકા રાહ નહી ચીના. જગતમે૦

સુંદરી-- ૪૬

અરે ઓ દૈવ આ શું થયું, વિપરીત કાજ મેં તે કયું,
અભાગી હુ નાથ છું અબળા, વિયોગનુ દુખ કયાથી થયુ અરે.
નિરાધાર છું પાપીણી હુ, બચાવીને નાથ હરો દુખ સહુ;
પ્રિતમજી પ્રાણુ આવીને, ઉગારજો નાર થશે સુખ બહુ. અરે.
પડી પજે દુષ્ટને આ, નથી આધાર પ્રિતમ પ્યારા,
હવે હુ થાકી છુ અધા, મટાડોને પ્રાણુ આવી ક્ષુધા. અરે

સુંદરી— ૪૭

નિર્લજ નફ્ટ નાદાન થાતું દુર દુર (૨)

વગર વિચારે ડુબાવે નાર, તેમા તારૂં ભુંડું થનાર,
જા જક્કી, રહે વક્કી, નહિ ન વક્કી,
ઘટે નહીં પ્રભુ આવો ફેર,
પ્રાણુ જાય, બહુ મુઝાય...........નિર્લજ.
પાપીને પહોચાડો પાર, એક શ્રી હરિ મોરાર;
આશરો, આશરો, છે ખરો;
દીન દયાના સ્વામિ છો.
પ્રભુ............વિભુ............નિર્લજ.

અનંગરેખા-રાક્ષસ--સુંદરી ૪૮

પ્રાણુ પ્યારી દીલદાર, આલિંગન દે એક વાર;
સુંદરી—પાપી જા....... રે, દૂર થા...... . રે ટેક.
લપટ જારી હું પર કરતા, ડરતો નથી લગાર,
રાક્ષસ—શબ્દ પ્રહારે ઘાયલ કીધો, વળી નયનનો માર,
સુંદરી--મુવા જા ....રે, દુર થા ... .રે. પ્રાણુ
નકટા કામી, આવો કુકર્મી, કેમ ન થયો ઠાર,
રાક્ષસ—હા હા પ્યારી તુજ આગળ, હું શીર ધરૂ આ વાર.
ગોલા જા.......રે, દુર થા ....રે પ્રાણુ

માનસીંહ-સુંદરી- ૪૯

શાને રડે એની માહરી, આમ કરતી રૂદનજી;
વિધિના લખીયા નહીં મટે, અવળા આવ્યા છે દનજી. શાને.

દુષ્ટ ક્રુર હુંથકી લાવીયો, કરી નીસામાં વસજી,
ફસાયો પાપીના પંજામા, ખોયો મે મારો જસજી. શાને

સુંદરી-દુ ખ દાવાનળ આવીયા મોટા ડુંગર શીરજી,

ઝાડ ઉગવું બાકી રહ્યું, વાક નથી તારો વીરજી--દુઃખ.
સહાય થજો પ્રભુ મુજને, હવે આવ્યો અંતકાળજી
ફસાયો છે બાઇ અમારો, કરવા આવ્યો સંભાળ-દુ ખ-

સુંદરી-સજ્જનસિંહ- ૫૦

સજન--વાહ વાહ રસિલી શુ ટેક તમારો,
સુંદરી--સાણે થઇ, રળિયાત રે (૨)
સજન--મેળવીયા છે જગદાધારે, ઘણો કર્યો, ઉપકારરે (૨)
સુંદરી--પ્યારા વિયોગથી, હું બહુ બાળતી, આયુષ ગાળતી.
રે......પ્રાણ પતિ ખુશી અતિ ......વાહ
સજન--[નાજૂક ગોરી, ચિત્તની ચટોરી. તું લટકાળી,]
સુંદરી--[મનહરનારા, વસ કરનારા, તમો વનમાળી,]
સજન--રમણી દીસે અતિ રળીયાળી, દીસે ઘણી, ગુણવંત રે (૨)
સુંદરી--પ્રિતમની માળા, જપી રહિ બાળા, સુંદર છોગાળા,
સજન—રે .... ભ્રાન્તિ હરો, શાન્તિ ધરો........વાહ

દુરમતસિંહ ૫૧

રાડ દુરાચરણી, છે......આ......(૨)

કુળને લજાવ્યું, કલંક લગાડ્યું,
હવે જીવી મને શુ કરવુ.
સ્ત્રિ ઉપર વિશ્વાસ ન રાખવો,
એમ શાસ્ત્રનુ છે પણ કહેવું;
હવે જોઇ મે કરણી છે......આ......રાડ

દુરમતસિંહ-સુશિલા--પર

દુરમત--આનંદ આનંદ પ્રીયા આજ, ઉગાર્યો તેં સલૂણીદારા,
સુશિલા--સ્વામિ સલૂણા મારા, રહી સહુ આધીન તારા, આનંદ
દુરમત--વાહ વાહ વાહ તુ લટકાળી,
સુશિલા--હા હા હા તમો આજ ભાળી. આનંદ
પ્રિતમ પ્યારા માહેરા, આધીન છે આ નાર,
દુરમત--દુર વ્યસનથી છોડાવીયો, સફળ થયો અવતાર,
સુશિલા--વાહ વાહ રસિલા આમ શુ બોલો,
દુરમત--નકી કહું છું હતો હું ભોળો
સાણી સુદરી તુ વાહ. વાહ. વાહ
સુશિલા--દાસી તમારી છુ હા હા. હા. આનંદ

સજ્જનસિંહ-સુદરી-પ૩

સજન--વાહ મને શાને સરમાવો રંગીલી રસિલી,
સુંદરી--છોડો છોડો છેલા, જવાદો હઠીલા,
છેક શું વિચારો, અલબેલા

સજન—તું સાણી છબિલી,

હૃદયા હાર, મધુર નાર, કરીને પ્યાર, કંઈ વિચાર;

સુંદરી—જાવો જાવો

સજન--નહિ સરમાવો

સુંદરી--ત્યા નહિં આવુ

સજન--ચાલો આવો

સુંદરી--જાણ્યા ધુતારા,

'સજન--શું બોલે છકેલી, વાહ

સજનસિંહ-સુંદરી-- ૫૪

સજન—ચાલોરે...... પ્યારી રંગે રમાડુ

સુંદરી—આવુ રે.........મારા ભાગ્ય મલ્યા ખેલાડુ ટેક૦

સજન—સંગે રહું, સુખ દઉં, પ્રાણ પ્યારી, પ્રેમે ચહુ.

સુંદરી—મનથી ચાહું, તનથી ચાહુ, દેખી તમને, હુ હરખાઉં;

નિત્ય નવા રંગ દેખાડું.

સજન—...... ....ચાલો રે

હૃદયમા તો, મુર્તી તારી, વસી રહી છે, પ્રાણ પ્યારી,

સુંદરી—પ્રભૂ સમાન, તમને ગણી, સેવા કરૂ, દીન રજની;

સજન—ક્યારથી રે હુ મનાવુ .....ચાલો રે.

પ્રતાપસિંહ— ૫૫

જય ભૂમિ રૂપી નાયક તું છે પ્રભુ
પ્રેમીઓની કસોટી જૂવે છે પ્રભુ. જગ.
દુષ્ટ જનોના પાપી કૃત્યે. બચાવ તું ક્ષણભર નિત્યે
આપ આનંદ ઘનશામ પ્રભુ. જગ.

વારંગનાઓ— ૫૬

વાહ વિજય ખુશાલી થૈ. થૈ. પ્યારા, થયો પરાજય દુષ્ટ તણો
૧ શાન્તિ આપી, કષ્ટો કાપી, પ્રતાપસિંહ મહારાજ તણો. વાહ૦
ફતેહ ફતેહ આપણી સદાનો, વિજય વિજય જયકાર તદાનો. ૦
નિગમ અગમ ગુણ ગાય પદાનો, જસ ગાયે મંડળી નર્મદાનો. વાહ૦

સમાપ્ત.